ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૬/૨૧-૨૨/ 2654 તારીખ : 06 SEP 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી લીલાબેન લક્ષ્મણભાઈ કાગડીયા,**
**ગામ-ઉમરડા,**
**તા.મૂળી,**
**જી.સુરેન્દ્રનગર-૩૬૩૫૧૦.**
**મો.નં. ૯૭૧૨૧ ૬૯૯૧૯**

કેસ નં.૨૬/૨૧-૨૨

**વિષય : કનેકશન ન મળવા બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૩/૦૭/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૬/૨૧-૨૨/૨૧૮૭ તા.૨૬/૦૭/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૬/૨૧-૨૨/૨૨૮૬ તા.૩૧/૦૭/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૮/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર,**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૬/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી લીલાબેન લક્ષ્મણભાઈ કાગડીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૮/૦૮/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી લીલાબેન લક્ષ્મણભાઈ કાગડીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રીમતિ જે.આર.રત્નુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી લીલાબેન લક્ષ્મણભાઈ કાગડીયા, ગામ–ઉમરડા, તા.મૂળી, જી.સુરેન્દ્રનગર ની કનેકશન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૬/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને અત્રેની કચેરીના પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૬/૨૧–૨૨/૨૧૮૭ તા.૨૬/૦૭/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૮/૦૮/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી લીલાબેન લક્ષ્મણભાઈ કાગડીયા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રીમતિ જે.આર.રત્નુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી લીલાબેન લક્ષ્મણભાઈ કાગડીયા, મૂળી તાલુકાના ઉમરડા ગામના વતની છે. તેઓ દ્વારા જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામે ખેતીવાડી વિજ કનેકશન માટે અરજી કરેલ હતી.

૧.૨ વાદીની રજૂઆત છે કે, ઉમરડા ગામના રેવન્યુ સર્વે નં–૫૧૧ ઉપર જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામે નવું વિજ કનેકશન મેળવવા માટે તા.૨૯/૧૨/૨૦૧૮ ના રોજ અરજી કરેલ હતી. પરંતુ, વિજ કચેરી દ્વારા કોઈ જવાબ આપવામાં આવેલ નથી.

૧.૩ વાદી એ રજૂઆત કરેલ છે કે, જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામે ૩૫ વિજ જોડાણ ચાલુ હોવા છતાં, અમોને વિજ જોડાણ મળેલ નથી.

૧.૪ પીજીવીસીએલ નું કોઈ પણ લેણું ભરવાનું બાકી નથી અને જો કોઈ બાકી લેણું નીકળે તો, પણ ભરવા સહમત છું. તો, આ અરજી ધ્યાન પર લઈ વહેલી તકે અરજીનું નિવારણ કરવા રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૫ મૂળી વિજ કચેરી ખાતે સદર બાબતે તપાસ કરતા જણાવેલ કે તમારે સદર કનેકશન (લીલાબેન લક્ષ્મણભાઈ કાગડીયા) માટે ઉપરની કચેરીએ અરજી મોકલવાનું કહેલ. જે અન્વયે, વર્તુળ કચેરીમાં અરજી કરેલ છે.

૧.૬ વાદી જોઈન્ટ ફાર્મીંગ સોસાયટીમાં લીલાબેન લક્ષ્મણભાઈ કાગડીયા ના નામે ૮ એકર જમીન સર્વે નં–૫૧૧ નો બ્લોક ધરાવે છે. આમ છતાં, ૨૦૧૮ માં માંગવામાં આવેલ વિજ કનેકશન આપવામાં આવતું નથી. તે બાબત ની રજૂઆત વાદી દ્વારા કરેલ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૧.૧ જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામે સદર સર્વે નં–૫૧૧ પર અન્ય વિજ કનેકશન આપવામાં આવેલ છે. જેથી એક જ સ્થળ પર બીજું વિજ કનેકશન મળી શકે નહી.

૧.૨ અરજી સમયે રજૂ કરેલ ૭–૧૨ માં જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામે સર્વે નંબર – ૫૧૧ માં ૨૨૫.૯૪ હેકટર જમીન આવેલ છે. અરજદારે રજૂ કરેલ ૭–૧૨ અને હકકપત્ર–૬ માં ફકત જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામનો ઉલ્લેખ જોવા મળે છે. જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના ૭–૧૨ અને હકકપત્ર–૬ માં ફકત જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામનો ઉલ્લેખ છે. જેની નકલ સામેલ છે.

૧.૩ ઉમરડા ગામની જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના સર્વે નં–૫૧૧ પર અન્ય ૧૪ વિજ કનેકશન આપવામાં આવેલ છે. જો ખેડૂત પાસે ૮ એકર થી ઓછી જમીન હોય તો, એક સર્વે નંબર માં એક જ વિજ કનેકશન મળી શકે છે અને જો ૮ એકર કરતા વધુ જમીન હોય તો, બે વિજ જોડાણ આપી શકાય. જેથી, સદર ગ્રાહક ને વિજ કનેકશન આપવામાં આવેલ નથી. જે આપ સાહેબ ની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar *

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી લીલાબેન લક્ષ્મણભાઈ કાગડીયા એ ગામ–ઉમરડા ના સર્વે નં–૫૧૧ પર જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી (સામુહીક ખેતીવાડી સહકારી મંડળી લી.) ના નામનું ૨૦ એચ.પી.નું ખેતીવાડી વિજ જોડાણ મેળવવા માટે તા.૨૯/૧૨/૨૦૧૮ ના રોજ જરૂરી રજીસ્ટ્રેશન ચાર્જ ભરી અરજી નોંધણી કરાવેલ છે.

૩.૨ વાદીની રજૂઆત છે કે,પ્રતિવાદી તરફથી આ વિજ જોડાણ આપવા માટેની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

૩.૩ પ્રતિવાદી એ તેની રજૂઆત માં જણાવેલ છે કે, જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના સર્વે નં–૫૧૧ માં ૨૨૫.૯૪ હેક્ટર જમીન છે અને અરજદારે રજૂ કરેલ ૭–૧૨ ના ઉતારામાં જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી નો ઉલ્લેખ કરેલ છે. પ્રતિવાદી ના જણાવ્યા મુજબ ૮ એકર કરતા વધુ જમીન હોઈ તો, વાદીને બીજું વિજ જોડાણ આપી શકાય. વધુમાં, પ્રતિવાદી જણાવે છે કે, સર્વે નં–૫૧૧ પર જોઈન્ટ ફાર્મીંગ સોસાયટીના નામે ૧૪ વિજ કનેકશન આપવામાં આવેલ છે.

૩.૪ વાદીના જણાવ્યા મુજબ વર્ષો પહેલા જુદા જુદા ખેડૂતોને સભ્યો બનાવી અને જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ની રચના કરવામાં આવેલ. જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ઉમરડા ના સર્વે નં–૫૧૧ માં કુલ ૨૨૫.૯૪ હેક્ટર જમીન છે. તેથી, તેઓને ખેતીની ઉપજ માટે વિજ જોડાણ ની જરૂર છે.

૩.૫ પ્રતિવાદીએ ફોરમ ને રજૂ કરેલ જવાબ માં જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી સર્વે નં–૫૧૧ માં વાદીને વિજ જોડાણ ન આપવા માટે ના કોઈ સ્પષ્ટ કારણો કે આધાર પુરાવાઓ રજૂ કરેલ નથી. તેમજ પ્રતિવાદી નો ૮ એકર થી વધુ જમીન નો મુદો અસ્થાને છે. તે મુદાને ધ્યાનમાં લઈએ તો પણ, સર્વે નં–૫૧૧ માં કુલ ૨૨૫.૯૪ હેક્ટર જમીન છે તેમજ પ્રતિવાદીએ જણાવેલ છે કે, અગાઉ જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ઉમરડા ના સર્વે નં–૫૧૧ માં ૧૪ વિજ જોડાણ આપવામાં આવેલ. પરંતુ, કેટલા વિજ જોડાણ આપી શકાય તેવો કોઈ પરીપત્ર કે આધાર રજૂ કરેલ નથી.

૩.૬ આજરોજ સુનાવણી દરમ્યાન ફોરમે વાદીને જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી નું વિગતો દર્શાવતું NOC પ્રતિવાદીની કચેરી માં રજૂ કરવા જણાવેલ છે. તે NOC માં વાદી પોતે મંડળી ના સભ્ય છે. તેઓની કેટલી જમીન સર્વે નં–૫૧૧ માં છે જેમાં, પિયત કરવાનું છે, પાણી ના સ્ત્રોત, તેમજ મંડળી નું વિજ જોડાણ લેવા અંગેનું '' ના વાંધા પત્ર '' તે મતલબ નું NOC પ્રતિવાદી ની કચેરીમાં રજૂ કરવું. જે રજૂ કર્યેથી, પ્રતિવાદીએ વાદીને વિજ જોડાણ આપવા માટેની કાર્યવાહી હાથ ધરવી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## -:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

( — )
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- ૧૮/૦૮/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar